# સામાજિક પરિવર્તનના સાધન તરીકે પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોની ક્ષમતા વધારવાના પ્રયત્નો – એક અભ્યાસ

# Efforts to Strengthen the Capacity of Primary School Libraries as an Instrument of Social Change: A Study

[1]પ્રજાપતિ ધર્માંશુ શિવરામ, [2]પટેલ મુકેશકુમાર નારણભાઈ
[1]રીસર્ચ સ્કોલર, [2]જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
[1]ચિલ્ડ્રન્સ રિચર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર, [2]જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, અમદાવાદ

સારાંશ ***(Abstract)***—શિક્ષણ સમાજ પરિવર્તનનું સૌથી અસરકારક સાધન માનવામાં આવે છે અને શાળા એ પરિવર્તનનો મુખ્ય આધારસ્તંભ છે. શાળાના વિવિધ શૈક્ષણિક ઘટકોમાં પુસ્તકાલયનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ છે. પુસ્તકાલય વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સમાજને જ્ઞાન, માહિતી અને સ્વઅધ્યયન માટે જરૂરી સાધનો પૂરા પાડે છે. આધુનિક યુગમાં જ્ઞાનના ઝડપી વિસ્તરણને કારણે વાંચન સંસ્કૃતિનો વિકાસ અનિવાર્ય બન્યો છે. પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયની ક્ષમતા વધારવા માટે કરવામાં આવતા વિવિધ પ્રયાસો વિદ્યાર્થીઓની વાંચન ટેવ, ભાષાકૌશલ્ય, વિચારશક્તિ અને સામાજિક જાગૃતિના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.
પ્રસ્તુત અભ્યાસમાં ઈંગોલી પ્રાથમિક શાળામાં પુસ્તકાલય સંવર્ધન, પુસ્તકાલય સંચાલન, વાચકવર્ગમાં વધારો અને વાંચન પ્રોત્સાહન માટે કરવામાં આવેલા વિવિધ પ્રયત્નોનું વર્ણનાત્મક અને ગુણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે. અભ્યાસમાં જાણવા મળ્યું કે સુવ્યવસ્થિત પુસ્તકાલય, નિયમિત વાંચન પ્રવૃત્તિઓ, પુસ્તક સમીક્ષા કાર્યક્રમો, વાચકોનું સન્માન તથા સ્થાનિક સમાજની ભાગીદારી દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વાંચન પ્રત્યેનો રસ વધ્યો છે. ઉપરાંત પુસ્તકાલય ગ્રામજનો, મહિલાઓ અને કિશોરીઓ માટે પણ જ્ઞાનપ્રાપ્તિનું કેન્દ્ર બન્યું છે. અભ્યાસના તારણો દર્શાવે છે કે પ્રાથમિક શાળાનું પુસ્તકાલય માત્ર પુસ્તકોના સંગ્રહનું સ્થાન નથી, પરંતુ સામાજિક પરિવર્તન, જીવનપર્યંત અધ્યયન અને જ્ઞાનસમૃદ્ધ સમાજના નિર્માણ માટેનું સશક્ત માધ્યમ બની શકે છે.

મુખ્ય શબ્દો ***(Keywords)***—પ્રાથમિક શાળા પુસ્તકાલય, વાંચન સંસ્કૃતિ, સામાજિક પરિવર્તન, પુસ્તકાલય સંવર્ધન, વાંચન ક્ષમતા, શિક્ષક વિકાસ, વિદ્યાર્થી વિકાસ

## I. પ્રસ્તાવના (Introduction)

સમાજ એક ગતિશીલ અને સતત પરિવર્તનશીલ વ્યવસ્થા છે. સમયની સાથે સમાજની જરૂરિયાતો, મૂલ્યો, જીવનશૈલી અને જ્ઞાનના સ્ત્રોતોમાં પરિવર્તન આવે છે. આ પરિવર્તનોને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થામાં પણ સતત સુધારા અને નવીનતા આવતી રહે છે. પ્રાચીન ગુરુકુલ પ્રથાથી શરૂ થયેલી શિક્ષણયાત્રા આજે આધુનિક ટેકનોલોજી આધારિત શિક્ષણ પ્રણાલી સુધી પહોંચી છે. આ સમગ્ર પ્રક્રિયામાં જ્ઞાનના સંગ્રહ, સંવર્ધન અને પ્રસારણ માટે પુસ્તકાલયે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

આજના જ્ઞાનયુગમાં માહિતી અને જ્ઞાનનો વ્યાપ અત્યંત ઝડપથી વધી રહ્યો છે. આવા સમયમાં વિદ્યાર્થીઓમાં સ્વઅધ્યયનની ક્ષમતા, વાંચનની ટેવ અને માહિતી મેળવવાની કૌશલ્ય વિકસાવવું જરૂરી બન્યું છે. શાળાનું પુસ્તકાલય આ તમામ પ્રક્રિયાઓનું કેન્દ્ર બની શકે છે. પુસ્તકાલય માત્ર પુસ્તકો રાખવાનું સ્થાન નથી, પરંતુ તે સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ, વિચારશીલતા અને જીવનપર્યંત અધ્યયનની ભાવનાનું પોષણ કરતું શૈક્ષણિક કેન્દ્ર છે.

નવી શિક્ષણ નીતિ–2020 પણ વાંચન સંસ્કૃતિના વિકાસ અને પુસ્તકાલયોના મજબૂતીકરણ પર વિશેષ ભાર મૂકે છે. તેથી પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયોને વધુ સક્ષમ બનાવવાના પ્રયાસો અને તેના પરિણામોનું અધ્યયન સમયોચિત અને મહત્વપૂર્ણ છે.

## II. સંશોધન સમસ્યા (Research problem)

ગુજરાત રાજ્યની મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયની વ્યવસ્થા ઉપલબ્ધ હોવા છતાં તેનો અસરકારક ઉપયોગ મર્યાદિત જોવા મળે છે. ઘણી વખત પુસ્તકાલય માત્ર પુસ્તકોના સંગ્રહ સુધી સીમિત રહી જાય છે અને વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિ વિકસાવવામાં તેની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ થતો નથી. આવી પરિસ્થિતિમાં પુસ્તકાલય સંવર્ધન માટે કરવામાં આવેલા વિવિધ પ્રયાસો શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સમાજના સભ્યોમાં વાંચન ક્ષમતા અને જ્ઞાનપ્રાપ્તિમાં કેટલા અસરકારક સાબિત થાય છે તે જાણવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

## III. અભ્યાસની આવશ્યકતા (Need of the Study)

1. વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિના વિકાસ માટે પુસ્તકાલયની ભૂમિકાનો અભ્યાસ કરવો.
2. શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા અને સ્વવિકાસમાં પુસ્તકાલયના યોગદાનને સમજવું.
3. પુસ્તકાલયને સમાજના જ્ઞાનકેન્દ્ર તરીકે વિકસાવવાની સંભાવનાઓ શોધવી.
4. પુસ્તકાલય સંવર્ધન માટેના સફળ મોડેલનું દસ્તાવેજીકરણ કરવું.
5. અન્ય પ્રાથમિક શાળાઓ માટે માર્ગદર્શક ઉદાહરણ પૂરું પાડવું.
6. નવી શિક્ષણ નીતિ–2020ના વાંચન અને પુસ્તકાલય સંબંધિત ઉદ્દેશોને પ્રોત્સાહન આપવું.

## IV. સંબંધિત સાહિત્ય સમીક્ષા (Review of Related Literature)

વિશ્વભરના સંશોધનો દર્શાવે છે કે અસરકારક શાળા પુસ્તકાલય વિદ્યાર્થીઓના વાંચન, ભાષાકૌશલ્ય અને શૈક્ષણિક સિદ્ધિઓમાં મહત્વપૂર્ણ વધારો કરે છે.

- UNESCO (1999) ના *School Library Manifesto* અનુસાર પુસ્તકાલય જીવનભર અધ્યયન, માહિતી સાક્ષરતા અને લોકશાહી મૂલ્યોના વિકાસ માટે મહત્વપૂર્ણ માધ્યમ છે.
- IFLA (2015) ની *School Library Guidelines* અનુસાર શાળા પુસ્તકાલયનું સંચાલન માત્ર પુસ્તક સંગ્રહ પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ; પરંતુ તે શિક્ષણ પ્રક્રિયાનો અભિન્ન ભાગ હોવું જોઈએ.
- NCERT દ્વારા ફાઉન્ડેશનલ સાક્ષરતા સંબંધિત પ્રકાશનોમાં વાંચનની ટેવ વિકસાવવામાં પુસ્તકાલયની અગત્યની ભૂમિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- ગુજરાતમાં શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે ઉચાટ (2021), શાહ (2003) અને પટેલ (2011) દ્વારા સંશોધન પદ્ધતિ અને ગુણવત્તાયુક્ત શિક્ષણમાં પુસ્તકાલયની ઉપયોગિતા અંગે મહત્વપૂર્ણ વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

## V. અભ્યાસના ઉદ્દેશો (Objectives of the Study)

1. પ્રાથમિક શાળાના પુસ્તકાલયના સંવર્ધન માટે કરવામાં આવેલા પ્રયત્નોનો અભ્યાસ કરવો.
2. પુસ્તકાલય સંચાલનની નવીન પદ્ધતિઓનું વિશ્લેષણ કરવું.
3. શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચન ક્ષમતાના વિકાસનું અધ્યયન કરવું.
4. પુસ્તકાલય દ્વારા સ્થાનિક સમાજમાં વાંચન સંસ્કૃતિના વિકાસનું મૂલ્યાંકન કરવું.
5. સામાજિક પરિવર્તનના સાધન તરીકે શાળા પુસ્તકાલયની અસરકારકતાનો અભ્યાસ કરવો.

## VI. સંશોધન પ્રશ્નો (Research Questions)

1. પ્રાથમિક શાળાના પુસ્તકાલયને સક્ષમ બનાવવા માટે કયા પ્રયત્નો કરવામાં આવ્યા?
2. પુસ્તકાલયના ઉપયોગમાં વધારો કરવા માટે કઈ નવીન પદ્ધતિઓ અપનાવવામાં આવી?
3. પુસ્તકાલય પ્રવૃત્તિઓના પરિણામે શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવમાં શું પરિવર્તન આવ્યું?
4. સ્થાનિક સમાજને પુસ્તકાલય સાથે કેવી રીતે જોડવામાં આવ્યો?
5. શું પુસ્તકાલય સામાજિક પરિવર્તનના અસરકારક સાધન તરીકે કાર્ય કરી શકે?

## VII. અભ્યાસની સીમારેખાઓ (Delimitations of the Study)

1. અભ્યાસ માત્ર અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલી ઈંગોલી પ્રાથમિક શાળા સુધી મર્યાદિત રાખવામાં આવ્યો છે.
2. અભ્યાસનો મુખ્ય કેન્દ્રબિંદુ પ્રાથમિક શાળાના પુસ્તકાલયનું સંવર્ધન, સંચાલન, વાંચન સંસ્કૃતિ અને તેના સામાજિક પ્રભાવ સુધી મર્યાદિત છે.

3. અભ્યાસમાં મુખ્યત્વે ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા પુસ્તકાલયનો ઉપયોગ કરતા ગ્રામજનોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.
4. અભ્યાસમાં પુસ્તકાલયના ભૌતિક વિકાસ, ડિજિટલ સંચાલન, વાંચન પ્રોત્સાહન અને સમુદાયની ભાગીદારી જેવા પરિબળોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
5. અભ્યાસનો સમયગાળો શૈક્ષણિક વર્ષ 2019–2022 સુધી મર્યાદિત રાખવામાં આવ્યો છે.
6. આ અભ્યાસ કેસ સ્ટડી (Case Study) પદ્ધતિ પર આધારિત હોવાથી તેના તારણો તમામ શાળાઓ માટે સમાન રીતે લાગુ પડે તેવું માનવું યોગ્ય નથી.

## VIII. અભ્યાસની મર્યાદાઓ (Limitations of the Study)

1. અભ્યાસ એક જ શાળા પર આધારિત હોવાથી તેના પરિણામો સમગ્ર રાજ્ય અથવા દેશની તમામ પ્રાથમિક શાળાઓનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરતા નથી.
2. કેટલાક તારણો શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના અનુભવ તથા પ્રતિભાવ પર આધારિત હોવાથી તેમાં વ્યક્તિગત અભિપ્રાયનો પ્રભાવ રહેલો હોઈ શકે છે.
3. સામાજિક પરિવર્તન જેવી પ્રક્રિયા લાંબા ગાળે દેખાતી હોવાથી અભ્યાસના સમયગાળામાં તેના તમામ પરિણામોનું સંપૂર્ણ મૂલ્યાંકન શક્ય બન્યું નથી.
4. પુસ્તકાલયના ઉપયોગ અને વાંચનની અસરને પ્રભાવિત કરતા પરિવારનું વાતાવરણ, સામાજિક-આર્થિક સ્થિતિ, ડિજિટલ સાધનોની ઉપલબ્ધતા તથા વ્યક્તિગત રસ જેવા પરિબળોને આ અભ્યાસમાં અલગથી નિયંત્રિત કરી શકાયા નથી.
5. અભ્યાસમાં ગુણાત્મક અભિગમને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું હોવાથી કેટલાક નિષ્કર્ષો આંકડાકીય સામાન્યકરણ  કરતાં વિશ્લેષણાત્મક સામાન્યકરણ માટે વધુ યોગ્ય છે.
6. પુસ્તકાલય વિકાસના કેટલાક પરિણામો શાળાના નેતૃત્વ, શિક્ષકોની પ્રતિબદ્ધતા અને સ્થાનિક સમાજના સહયોગ જેવા વિશિષ્ટ પરિબળોથી પ્રભાવિત હોઈ શકે છે; તેથી સમાન પરિણામો અન્ય તમામ શાળાઓમાં પ્રાપ્ત થશે તેવી ખાતરી આપી શકાય નહીં.

   સંશોધનાત્મક નોંધ : ઉપરોક્ત સીમારેખાઓ અને મર્યાદાઓ હોવા છતાં પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શાળાના પુસ્તકાલયના સંવર્ધન, વાંચન સંસ્કૃતિના વિકાસ અને શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તનના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પ્રયોગાત્મક અને સંશોધનલક્ષી યોગદાન પૂરું પાડે છે. અભ્યાસમાંથી પ્રાપ્ત થયેલા તારણો સમાન પરિસ્થિતિ ધરાવતી અન્ય પ્રાથમિક શાળાઓ માટે માર્ગદર્શક બની શકે છે અને ભવિષ્યના વ્યાપક સંશોધનો માટે આધારરૂપ સાબિત થઈ શકે છે.

## IX. સંશોધન પદ્ધતિ (Research Method)

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક અને વર્ણનાત્મક કેસ સ્ટડી પદ્ધતિ પર આધારિત છે. અભ્યાસ માટે ઈંગોલી પ્રાથમિક શાળાને એકમ તરીકે પસંદ કરવામાં આવી છે. માહિતી એકત્રિત કરવા માટે અવલોકન, શાળાના દસ્તાવેજો, પુસ્તકાલય રજિસ્ટર, વાંચન નોંધપોથી, કાર્યક્રમ અહેવાલો તથા શાળાની વાર્ષિક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતીનું વર્ણનાત્મક વિશ્લેષણ કરીને તારણો રજૂ કરવામાં આવ્યા છે.

### 9.1 અભ્યાસનું ક્ષેત્ર (Area of the Study)

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલી ઈંગોલી પ્રાથમિક શાળા છે. શાળા ગ્રામ્ય વિસ્તારની સરકારી પ્રાથમિક શાળા છે. અભ્યાસમાં વર્ષ 2019 થી 2022 દરમિયાન પુસ્તકાલય વિકાસ, પુસ્તકાલય સંચાલન, વાંચન પ્રવૃત્તિઓ અને સામાજિક સહભાગિતાને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલા પ્રયત્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### 9.2 સમષ્ટિ (Population)

પ્રસ્તુત સંશોધનની સમષ્ટિમાં અભ્યાસ હેઠળની પ્રાથમિક શાળા સાથે સંકળાયેલા તમામ હિતધારકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં શાળાના આચાર્ય, શિક્ષકો, ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓ, પુસ્તકાલયનો ઉપયોગ કરતા ગ્રામજનો, મહિલાઓ અને કિશોરીઓનો સમાવેશ થાય છે. ઉપરાંત, પુસ્તકાલય સંવર્ધન અને સંચાલન સંબંધિત શાળાના દસ્તાવેજો, પુસ્તકાલય રજિસ્ટર, વાંચન રજિસ્ટર, વાર્ષિક અહેવાલો તથા અન્ય સંબંધિત અભિલેખોને પણ અભ્યાસની સમષ્ટિનો ભાગ માનવામાં આવ્યા છે.

### 9.3 નમૂનો (Sample)
અભ્યાસમાં હેતુલક્ષી નમૂના પસંદગી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અભ્યાસ માટે ઈંગોલી પ્રાથમિક શાળા, તાલુકો ધોળકા, જિલ્લો અમદાવાદની પસંદગી કરવામાં આવી હતી, કારણ કે આ શાળામાં પુસ્તકાલય સંવર્ધન, ડિજિટલ પુસ્તકાલય સંચાલન, વાંચન પ્રોત્સાહન, સમુદાયની ભાગીદારી તથા પુસ્તકાલય આધારિત વિવિધ નવીન પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. અભ્યાસના નમૂનામાં શાળાના આચાર્ય, તમામ શિક્ષકો, ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓ, પુસ્તકાલયનો નિયમિત ઉપયોગ કરતા ગ્રામજનો, મહિલાઓ અને કિશોરીઓ,પુસ્તકાલય સંબંધિત દસ્તાવેજો અને અભિલેખો પ્રતિભાગીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### 9.4 સંશોધનના ચલો (Variables)

| સ્વતંત્ર ચલો | મધ્યસ્થ ચલો | પરતંત્ર ચલો |
|---|---|---|
| પુસ્તકાલય સંવર્ધન | વાંચન સંસ્કૃતિ | શૈક્ષણિક ગુણવત્તા |
| પુસ્તકાલય સંચાલન | સ્વઅધ્યયન | સામાજિક પરિવર્તન |
| વાંચન પ્રોત્સાહન પ્રવૃત્તિઓ | માહિતી સાક્ષરતા | સમુદાયની ભાગીદારી |

### 9.5 સંશોધન સાધનો અને માહિતી સંગ્રહ પદ્ધતિ (Data Collection & Research Tools)
પ્રસ્તુત સંશોધનમાં ગુણાત્મક તથા વર્ણનાત્મક અભિગમ અપનાવવામાં આવ્યો હોવાથી માહિતી એકત્રિત કરવા માટે વિવિધ સંશોધન સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસને વધુ વિશ્વસનીય, પ્રમાણભૂત અને સર્વગ્રાહી બનાવવા માટે પ્રાથમિક તથા ગૌણ બંને પ્રકારના માહિતી સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં નીચે મુજબના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

1. અવલોકન પદ્ધતિ (Observation Method): શાળાના પુસ્તકાલયની ભૌતિક સુવિધાઓ, પુસ્તકોની ઉપલબ્ધતા, પુસ્તકાલયનું સંચાલન, વાંચન પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓની ભાગીદારીનું નિયમિત અવલોકન કરવામાં આવ્યું.
2. દસ્તાવેજીય અભ્યાસ (Document Analysis): પુસ્તકાલય રજિસ્ટર, પુસ્તક ખરીદી રજિસ્ટર, વાચન નોંધપોથી, શાળા વિકાસ યોજના (SDP), વાર્ષિક અહેવાલો તથા અન્ય સંબંધિત દસ્તાવેજોનું વિશ્લેષણ કરવામાં આવ્યું.
3. સંરચિત મુલાકાત (Structured Interview): શાળાના આચાર્ય, શિક્ષકો તથા પુસ્તકાલય સંચાલનમાં સંકળાયેલા વ્યક્તિઓ સાથે સંરચિત મુલાકાતો યોજી માહિતી મેળવવામાં આવી.
4. પ્રશ્નાવલી (Questionnaire): વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની વાંચન આદતો, પુસ્તકાલય ઉપયોગ અને વાંચન પ્રત્યેના અભિગમ અંગે માહિતી મેળવવા માટે પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો.
5. Google Form અને QR Code આધારિત માહિતી સંકલન: પુસ્તકાલય વાંચન રજિસ્ટરનું ડિજિટલ સંચાલન કરવા તેમજ વાચકોની માહિતી સરળતાથી એકત્રિત કરવા માટે Google Form અને QR Code પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.
6. ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ (Photographic Documentation): પુસ્તકાલયની પ્રવૃત્તિઓ, વાંચન કાર્યક્રમો, પુસ્તક પ્રદર્શન તથા અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ દસ્તાવેજીકરણ માટે ઉપયોગમાં લેવામાં આવ્યા.

### 9.6 માહિતી વિશ્લેષણ પદ્ધતિ (Data Analysis)
સંકલિત માહિતીનું વિશ્લેષણ ગુણાત્મક અને વર્ણનાત્મક આંકડાશાસ્ત્રની મદદથી કરવામાં આવ્યું હતું.

## X. સંશોધન મોડેલ (Research Model)

### 10.1 પુસ્તકાલય સંવર્ધન (Library Development)
શાળાનું પુસ્તકાલય માત્ર પુસ્તકોના સંગ્રહનું સ્થાન નથી, પરંતુ શિક્ષણની ગુણવત્તા વધારતું જ્ઞાનકેન્દ્ર છે. વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કૃતિ, સ્વઅધ્યયન, સર્જનાત્મકતા અને વિવેચનાત્મક વિચારશક્તિના વિકાસ માટે સમૃદ્ધ પુસ્તકાલય અનિવાર્ય છે. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને ઈંગોલી પ્રાથમિક શાળામાં પુસ્તકાલયના ભૌતિક, શૈક્ષણિક અને વ્યવસ્થાપકીય વિકાસ માટે વિવિધ આયોજનબદ્ધ પ્રયાસો કરવામાં આવ્યા.

- પુસ્તકાલયના સંવર્ધન માટે રાજ્ય સરકાર દ્વારા મળતી પુસ્તકાલય ગ્રાન્ટનો આયોજનબદ્ધ ઉપયોગ કરીને બાળસાહિત્ય, સંદર્ભગ્રંથો, વિજ્ઞાન, પર્યાવરણ, જીવનકૌશલ્ય અને સામાન્ય જ્ઞાન સંબંધિત પુસ્તકોની ખરીદી કરવામાં આવી. આ ઉપરાંત સમગ્ર શિક્ષા અભિયાન (SSA) દ્વારા પ્રાપ્ત પુસ્તકોને પણ પુસ્તકાલયમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા.
- પુસ્તકોની સંખ્યામાં વધારો કરવા માટે સામાજિક સહભાગિતાનો અભિગમ અપનાવવામાં આવ્યો. કેવલ્ય ફાઉન્ડેશન, કેડીલા ફાર્માસ્યુટિકલ કંપની તેમજ અન્ય દાતાશ્રીઓ પાસેથી ઉપયોગી પુસ્તકો દાનરૂપે પ્રાપ્ત થયા. અમદાવાદના ગુજરી બજાર, વિવિધ પુસ્તક મેળાઓ તથા નેશનલ બુક ફેરમાંથી વિદ્યાર્થીઓની વય અને રસને અનુરૂપ પુસ્તકો ખરીદવામાં આવ્યા.
- પુસ્તકાલયને માત્ર શાળાના વિદ્યાર્થીઓ સુધી મર્યાદિત ન રાખીને ગામના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓને ઉપયોગી પુસ્તકો ઉપલબ્ધ કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓમાં વાંચનની નિયમિતતા જળવાઈ રહે તે માટે વિવિધ સામાયિકોનું વાર્ષિક લવાજમ પણ શાળા દ્વારા ભરવામાં આવ્યું.
- આ સમગ્ર પ્રક્રિયાના પરિણામે પુસ્તકાલયમાં પુસ્તકોની સંખ્યા, વિષયવૈવિધ્ય અને વાચકવર્ગ ત્રણેયમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો.

પુસ્તકાલય સંવર્ધન માટેના મુખ્ય પ્રયત્નો

| ક્રમ | પ્રવૃત્તિ | મુખ્ય હેતુ | અપેક્ષિત અસર |
|---|---|---|---|
| 1 | સરકારની ગ્રાન્ટથી પુસ્તકોની ખરીદી | પુસ્તકસંપત્તિમાં વધારો | ગુણવત્તાયુક્ત પુસ્તકો ઉપલબ્ધ બન્યા |
| 2 | SSA દ્વારા પુસ્તકો પ્રાપ્ત | વિષયવૈવિધ્ય વધારવું | વિદ્યાર્થીઓને વિવિધ વિષયોના પુસ્તકો મળ્યા |
| 3 | CSR અને NGO સહયોગ | પુસ્તકસંપત્તિનો વિસ્તાર | સમાજની ભાગીદારી વધી |
| 4 | પુસ્તક મેળા અને ગુજરી બજાર | રસપ્રદ પુસ્તકો ઉમેરવા | વાંચન પ્રત્યે રસ વધ્યો |
| 5 | સામાયિકોનું નિયમિત લવાજમ | સતત વાંચનની ટેવ | તાજી માહિતી ઉપલબ્ધ બની |

**10.2 પુસ્તકાલય સંચાલન (Library Management)**

પુસ્તકાલયની ગુણવત્તા માત્ર પુસ્તકોની સંખ્યાથી નક્કી થતી નથી, પરંતુ તેના અસરકારક સંચાલનથી નક્કી થાય છે. આ વિચારધારાને અનુરૂપ પુસ્તકાલયમાં માહિતી અને સંચાર ટેક્નોલોજી (ICT) આધારિત વ્યવસ્થાપન પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી.

- પુસ્તકાલયના તમામ પુસ્તકોની કોમ્પ્યુટર સોફ્ટવેરમાં ડિજિટલ એન્ટ્રી કરવામાં આવી, જેના કારણે પુસ્તક શોધવા, જાળવણી અને ઇશ્યૂ પ્રક્રિયા વધુ સરળ બની. પુસ્તકાલય વાંચન રજિસ્ટરને ડિજિટલ સ્વરૂપ આપવા માટે Google Form અને QR Code આધારિત નોંધણી વ્યવસ્થા વિકસાવવામાં આવી, જેના દ્વારા વાચકોની માહિતીનું ચોક્કસ દસ્તાવેજીકરણ શક્ય બન્યું.
- વિદ્યાર્થીઓની વય અને ધોરણને ધ્યાનમાં રાખીને પુસ્તકોનું વર્ગીકરણ કરવામાં આવ્યું. નાના બાળકો માટે ચિત્રપુસ્તકો, વાર્તાપુસ્તકો અને બાળસાહિત્ય જ્યારે ઉચ્ચ ધોરણના વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક, વૈજ્ઞાનિક અને પ્રેરણાત્મક પુસ્તકો અલગ રીતે ગોઠવવામાં આવ્યા.
- વિદ્યાર્થીઓમાં સ્વૈચ્છિક વાંચનની ટેવ વિકસે તે માટે ઓપન લાઇબ્રેરીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓને પોતાની પસંદગીનું પુસ્તક સ્વતંત્ર રીતે પસંદ કરવાની તક આપવામાં આવી.
- પુસ્તકાલયના દૈનિક સંચાલનમાં શિક્ષકોની સાથે વિદ્યાર્થીઓને પણ જવાબદારી સોંપવામાં આવી, જેના પરિણામે નેતૃત્વ, જવાબદારી અને વ્યવસ્થાપન જેવા જીવનકૌશલ્યોનો વિકાસ થયો.

પુસ્તકાલય સંચાલનમાં અપનાવવામાં આવેલી નવીનતાઓ

| ક્રમ | નવીનતા | પરિણામ |
|---|---|---|
| 1 | ડિજિટલ ડેટાબેઝ | પુસ્તકોનું ઝડપી સંચાલન |
| 2 | Google Form અને QR Code | ડિજિટલ વાંચન નોંધણી |

| | | |
|---|---|---|
| 3 | વયાનુસાર વર્ગીકરણ | યોગ્ય પુસ્તક પસંદગી સરળ બની |
| 4 | ઓપન લાઇબ્રેરી | સ્વૈચ્છિક વાંચનમાં વધારો |
| 5 | વિદ્યાર્થી સંચાલન | જવાબદારી અને નેતૃત્વ વિકાસ |

**10.3 વાંચન પ્રોત્સાહન પ્રવૃત્તિઓ (Reading Promotion Activities)**

- ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓ માટે વય અને રસને અનુરૂપ પુસ્તકોની પસંદગી કરીને વર્ષ દરમિયાન ઓછામાં ઓછાં 10 અથવા તેથી વધુ પુસ્તકોનું વાંચન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક રીતે પુસ્તક પસંદ કરવાની તક આપવામાં આવતી હતી, જેના કારણે વાંચન પ્રત્યેનો રસ અને આત્મપ્રેરણા વિકસ્યાં.
- વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા વાંચેલા પુસ્તકોની મૌખિક તથા લેખિત સમીક્ષા પ્રાર્થના સભા, વર્ગખંડ અને અન્ય શૈક્ષણિક કાર્યક્રમોમાં રજૂ કરવામાં આવતી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વાંચન સાથે અભિવ્યક્તિ, વિશ્લેષણ અને વિવેચનાત્મક વિચારશક્તિનો વિકાસ થયો.
- વિદ્યાર્થીઓ દ્વારા વાંચેલા પુસ્તકોના સારાંશ, પ્રેરણાત્મક વિચારો, નવા શબ્દો તથા પુસ્તક પરના અભિપ્રાયો વર્ગખંડના બુલેટિન બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવતા હતા. આથી અન્ય વિદ્યાર્થીઓમાં પણ વાંચન માટે પ્રેરણા મળી.
- વિદ્યાર્થીઓને અનુકૂળ સમય દરમિયાન પુસ્તકાલયનો સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે ખુલ્લી પુસ્તકાલય વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી. વિદ્યાર્થીઓ પોતાની પસંદગી મુજબ પુસ્તકો વાંચી શકતા તથા ઘરે લઈ જઈ શકતા હતા.
- પુસ્તકાલયના વાંચન રજિસ્ટર માટે Google Form અને QR Code આધારિત ડિજિટલ વ્યવસ્થા વિકસાવવામાં આવી. આ પદ્ધતિ દ્વારા વાંચન સંબંધિત માહિતીનું સરળ સંચાલન અને નિયમિત નિરીક્ષણ શક્ય બન્યું.
- વર્ષ દરમિયાન સૌથી વધુ પુસ્તકો વાંચનારા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ગ્રામજનોનું શાળા કક્ષાએ જાહેર સન્માન કરવામાં આવતું હતું. ઉપરાંત, જિલ્લા કક્ષાના 'પુસ્તકમિત્ર' જેવા કાર્યક્રમોમાં ભાગ લેવા માટે પણ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવતા હતા. આ પ્રકારની પ્રેરણાત્મક પ્રવૃત્તિઓએ વાંચન પ્રત્યે હકારાત્મક સ્પર્ધા અને ઉત્સાહનું વાતાવરણ ઊભું કર્યું.

વાંચન પ્રોત્સાહન કાર્યક્રમો

| પ્રવૃત્તિ | લાભાર્થી |
|---|---|
| પુસ્તક સમીક્ષા | શિક્ષકો, વિદ્યાર્થીઓ |
| બુલેટિન બોર્ડ પ્રદર્શન | વિદ્યાર્થીઓ |
| પુસ્તકમિત્ર સન્માન | શિક્ષકો અને વિદ્યાર્થીઓ |
| જાહેર સન્માન | ગ્રામજનો, મહિલાઓ, કિશોરીઓ |

**10.4 વાચકવર્ગમાં વધારો (Expansion of Readership)**

પુસ્તકાલયની સફળતાનો સૌથી મહત્વપૂર્ણ માપદંડ તેનો વાચકવર્ગ છે. પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકોનો મહત્તમ ઉપયોગ થાય તે માટે શાળામાં વિવિધ નવીન કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા.

- શાળાના તમામ શિક્ષકો માટે દર વર્ષે ઓછામાં ઓછા 10 પુસ્તકોનું વાંચન પ્રોત્સાહિત કરવામાં આવ્યું. શિક્ષકો દ્વારા વાંચેલા પુસ્તકોની સમીક્ષા શાળાની પ્રાર્થના સભામાં રજૂ કરવાની પરંપરા શરૂ કરવામાં આવી. આ પ્રવૃત્તિના પરિણામે શિક્ષકોમાં વાંચન સંસ્કૃતિનો વિકાસ થયો અને વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક વાતાવરણ ઊભું થયું.
- ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓ માટે વર્ષ દરમિયાન ઓછામાં ઓછા દસ પુસ્તકોના વાંચનનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ વાંચેલા પુસ્તકોની સમીક્ષા પ્રાર્થનાસભા તથા વર્ગખંડના બુલેટિન બોર્ડ પર રજૂ કરે છે, જેના કારણે વાંચન સાથે અભિવ્યક્તિ કૌશલ્યનો પણ વિકાસ થયો.
- શાળાના પુસ્તકાલયને સમાજ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. ગ્રામજનો, મહિલાઓ, કિશોરીઓ તથા યુવાનોને પણ પુસ્તકો વાંચવા માટે આપવામાં આવતા હોવાથી પુસ્તકાલય શાળા પૂરતું મર્યાદિત ન રહી સમગ્ર ગામનું જ્ઞાનકેન્દ્ર બની શક્યું.

**10.5** સમુદાયની ભાગીદારી **(Community Participation)**

- શાળાના પુસ્તકાલયને માત્ર વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત રાખવાને બદલે ગ્રામજનો, મહિલાઓ, કિશોરીઓ અને યુવાનો માટે પણ ખુલ્લું રાખવામાં આવ્યું. તેઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સામાન્ય જ્ઞાન અને પ્રેરણાત્મક સાહિત્યના પુસ્તકો વાંચવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા, જેના પરિણામે પુસ્તકાલય સમુદાય આધારિત જ્ઞાન કેન્દ્ર તરીકે વિકસ્યું. શાળાના પુસ્તકાલયને સમાજ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. ગ્રામજનો, મહિલાઓ, કિશોરીઓ તથા યુવાનોને પણ પુસ્તકો વાંચવા માટે આપવામાં આવતા હોવાથી પુસ્તકાલય શાળા પૂરતું મર્યાદિત ન રહી સમગ્ર ગામનું જ્ઞાનકેન્દ્ર બની શક્યું.
- શાળાના પુસ્તકાલયને સમાજ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. ગ્રામજનો, મહિલાઓ, કિશોરીઓ તથા યુવાનોને પણ પુસ્તકો વાંચવા માટે આપવામાં આવતા હોવાથી પુસ્તકાલય શાળા પૂરતું મર્યાદિત ન રહી સમગ્ર ગામનું જ્ઞાનકેન્દ્ર બની શક્યું.

**10.6 પ્રોત્સાહન અને સન્માન કાર્યક્રમો (Awards and Recognition)**

વાંચનની ટેવ વિકસાવવામાં પ્રોત્સાહન મહત્વપૂર્ણ પરિબળ છે. આ હેતુથી શાળામાં વિવિધ સન્માન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

- ધોરણ 3 થી 8 દરમિયાન સૌથી વધુ પુસ્તકો વાંચનાર વિદ્યાર્થીઓનું શાળા કક્ષાએ સન્માન કરવામાં આવે છે. વર્ષ દરમિયાન સૌથી વધુ પુસ્તકો વાંચનાર શિક્ષકોને પણ વિશેષ પ્રમાણપત્ર અને સન્માનપત્ર આપવામાં આવે છે.
- પુસ્તકાલયનો નિયમિત ઉપયોગ કરનાર ગ્રામજનો, મહિલાઓ અને કિશોરીઓનું દર વર્ષે 26 જાન્યુઆરીના જાહેર કાર્યક્રમમાં સન્માન કરવામાં આવે છે, જેના કારણે સમગ્ર ગામમાં વાંચન અંગે સકારાત્મક વાતાવરણ સર્જાયું છે.
- શૈક્ષણિક વર્ષ: 2021-22 દરમિયાન જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત 'પુસ્તકમિત્ર' કાર્યક્રમ અંતર્ગત શાળાના બે શિક્ષકો અને બે વિદ્યાર્થીઓનું જિલ્લા કક્ષાએ સન્માન કરવામાં આવ્યું, જે પુસ્તકાલય વિકાસ માટેની નોંધપાત્ર સિદ્ધિ છે.
- આ ઉપરાંત સંશોધકે આચાર્ય તરીકે જિલ્લા કક્ષાના પુસ્તકાલય વિકાસ કાર્યક્રમો, વ્યવસાયિક સજ્જતા કાર્યશિબિર અને 'પાઠમાલા' જેવા વાંચન અભિયાનોમાં આયોજક અને કોર ટીમના સભ્ય તરીકે સક્રિય ભૂમિકા ભજવી છે, જેના પરિણામે શાળા ઉપરાંત સમગ્ર જિલ્લામાં પુસ્તકાલય વિકાસ માટે સકારાત્મક વાતાવરણ સર્જાયું.

## XI. આંકડાકીય માહિતીનું વિશ્લેષણ **(Data Analysis)**

**પુસ્તકાલયનો વિકાસ**

| વર્ષ | કુલ પુસ્તકોની સંખ્યા |
|---|---|
| 2019-20 | 1662 |
| 2020-21 | 1948 |
| 2021-22 | 2312 |

**શિક્ષકોનું વાંચન**

| વર્ષ | કુલ શિક્ષકોની સંખ્યા | 10થી વધુ પુસ્તકો વાંચનારની સંખ્યા |
|---|---|---|
| 2019-20 | 9 | 5 |
| 2020-21 | 9 | 7 |
| 2021-22 | 9 | 9 |

**વિદ્યાર્થીઓનું વાંચન**

| વર્ષ | ધો.3 થી 8 વિદ્યાર્થીઓની સંખ્યા | 10 થી વધુ પુસ્તકો વાંચનારની સંખ્યા |
|---|---|---|
| 2019-20 | 160 | 82 |
| 2020-21 | 159 | 108 |
| 2021-22 | 161 | 132 |

**સમાજનો ઉપયોગ**

| વર્ષ | ગ્રામજનો | મહિલાઓ | કિશોરીઓ |
|---|---|---|---|
| 2019-20 | 21 | 18 | 12 |
| 2020-21 | 34 | 26 | 23 |
| 2021-22 | 46 | 38 | 32 |

## XII. પરિણામોનું વિશ્લેષણ અને અર્થઘટન (Analysis and interpretation of results)

અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે પુસ્તકાલયના વિકાસ માટે માત્ર પુસ્તકોની સંખ્યા વધારવી પૂરતી નથી. પુસ્તકાલયનું આધુનિક સંચાલન, માહિતી અને સંચાર ટેક્નોલોજીનો ઉપયોગ, શિક્ષકોની સક્રિય ભાગીદારી અને વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખતી વાંચન પ્રવૃત્તિઓ – આ ચારેય પરિબળો સાથે મળીને પુસ્તકાલયને અસરકારક બનાવે છે.

- શિક્ષકોમાં નિયમિત વાંચનની પરંપરા શરૂ થતાં વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક વાતાવરણ ઊભું થયું. વિદ્યાર્થીઓ દ્વારા પુસ્તક સમીક્ષા રજૂ કરવાની પ્રક્રિયાએ માત્ર વાંચનની ટેવ જ નહીં, પરંતુ ભાષા, અભિવ્યક્તિ, આત્મવિશ્વાસ અને વિવેચનાત્મક વિચારશક્તિના વિકાસમાં પણ નોંધપાત્ર યોગદાન આપ્યું.
- પુસ્તકાલયને ગ્રામજનો, મહિલાઓ અને યુવાનો માટે ખુલ્લું મૂકવાથી શાળા અને સમાજ વચ્ચેનો શૈક્ષણિક સંબંધ વધુ મજબૂત બન્યો. પરિણામે પુસ્તકાલય શાળાની એક શૈક્ષણિક સુવિધા પૂરતું ન રહી સમગ્ર ગામના જ્ઞાન અને સામાજિક પરિવર્તનના કેન્દ્ર તરીકે વિકસતું ગયું.
- જિલ્લા કક્ષાના 'પુસ્તકમિત્ર', 'પાઠમાલા' અને અન્ય વાંચન અભિયાનોમાં સક્રિય ભાગીદારીના પરિણામે પુસ્તકાલય વિકાસને સંસ્થાગત ગતિ મળી અને વાંચન સંસ્કૃતિના પ્રસાર માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું.

## XIII. ચર્ચા (Discussion)

- પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળાના પુસ્તકાલયને માત્ર પુસ્તકોના સંગ્રહસ્થાન તરીકે નહીં, પરંતુ શિક્ષણ અને સામાજિક પરિવર્તનના સક્રિય કેન્દ્ર તરીકે વિકસાવવાના પ્રયત્નોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું કે પુસ્તકાલયના ભૌતિક વિકાસ સાથે સાથે તેના અસરકારક સંચાલન, વાંચનપ્રેરક પ્રવૃત્તિઓ અને સમાજની સહભાગિતાનો સમન્વય કરવામાં આવે ત્યારે પુસ્તકાલયનું શૈક્ષણિક મૂલ્ય અનેકગણું વધી જાય છે.
- અભ્યાસ દર્શાવે છે કે પુસ્તકાલય સંવર્ધન માટે સરકારની ગ્રાન્ટ, સમગ્ર શિક્ષા અભિયાન, સ્વૈચ્છિક સંસ્થાઓ, કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) અને સ્થાનિક લોકસહયોગ જેવા વિવિધ સ્ત્રોતોનો અસરકારક ઉપયોગ કરીને પુસ્તકસંપત્તિમાં નોંધપાત્ર વધારો શક્ય બન્યો. પુસ્તકાલયના આધુનિકીકરણ માટે ડિજિટલ નોંધણી, Google Form, QR Code અને કમ્પ્યુટર આધારિત પુસ્તક વ્યવસ્થાપન જેવી માહિતી અને સંચાર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો, જેના કારણે પુસ્તકાલયનું સંચાલન વધુ સુવ્યવસ્થિત અને પારદર્શક બન્યું.

- શિક્ષકો દ્વારા નિયમિત વાંચન અને પુસ્તક સમીક્ષા રજૂ કરવાની પરંપરાએ વિદ્યાર્થીઓ માટે આદર્શ પરિસ્થિતિનું નિર્માણ કર્યું. વિદ્યાર્થીઓમાં વાંચનની સાથે અભિવ્યક્તિ, વિવેચનાત્મક વિચારશક્તિ અને આત્મવિશ્વાસનો પણ વિકાસ જોવા મળ્યો. પુસ્તકાલયને ગ્રામજનો, મહિલાઓ, કિશોરીઓ અને યુવાનો માટે ખુલ્લું મૂકવાથી પુસ્તકાલય શાળા પૂરતું મર્યાદિત ન રહી સમગ્ર ગામના જ્ઞાનકેન્દ્ર તરીકે વિકસ્યું.
- આ તારણો દર્શાવે છે કે પુસ્તકાલયનું સફળ સંચાલન માત્ર ભૌતિક સંસાધનો પર આધારિત નથી; પરંતુ દ્રષ્ટિવંત નેતૃત્વ, શિક્ષકોની પ્રતિબદ્ધતા, વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી અને સમાજના સહયોગ પર સમાન રીતે આધારિત છે.
- આ અભ્યાસના નિષ્કર્ષો UNESCO દ્વારા રજૂ કરાયેલા *School Library Manifesto*, IFLA ની *School Library Guidelines* તથા National Education Policy 2020 માં દર્શાવાયેલા વાંચન સંસ્કૃતિ અને જીવનભર અધ્યયનના અભિગમ સાથે સુસંગત છે.

## XIV. મુખ્ય તારણો (Findings)

1. પુસ્તકાલય વિકાસ સંબંધિત તારણો
   - સરકારની ગ્રાન્ટ, CSR અને લોકસહયોગ દ્વારા પુસ્તકાલયની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થયો.
   - વિદ્યાર્થીઓની વય અને રસને અનુરૂપ પુસ્તકો ઉપલબ્ધ થતાં પુસ્તકાલયનો ઉપયોગ વધ્યો.
   - સામાયિકો અને નવી આવૃત્તિના પુસ્તકોના સમાવેશથી પુસ્તકાલય વધુ જીવંત બન્યું.
2. પુસ્તકાલય સંચાલન સંબંધિત તારણો
   - ડિજિટલ પુસ્તકાલય વ્યવસ્થાપનથી કાર્યક્ષમતા અને પારદર્શિતા વધી.
   - Google Form અને QR Code આધારિત વાંચન નોંધણી વ્યવસ્થાથી ચોક્કસ માહિતી ઉપલબ્ધ થઈ.
   - વિદ્યાર્થીઓની ભાગીદારીથી જવાબદારી અને નેતૃત્વના ગુણો વિકસ્યા.
3. વાંચન સંસ્કૃતિ સંબંધિત તારણો
   - શિક્ષકોમાં નિયમિત વાંચનની પરંપરા વિકસતાં વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યેનો રસ વધ્યો.
   - પુસ્તક સમીક્ષા કાર્યક્રમોથી ભાષાકૌશલ્ય, સંવાદક્ષમતા અને આત્મવિશ્વાસમાં વધારો થયો.
   - વર્ષ દરમિયાન નિર્ધારિત વાંચન લક્ષ્યને કારણે સતત વાંચનની ટેવ વિકસતી જોવા મળી.
4. સામાજિક પરિવર્તન સંબંધિત તારણો
   - પુસ્તકાલયનો લાભ ગ્રામજનો, મહિલાઓ અને યુવાનો સુધી પહોંચ્યો.
   - પુસ્તકાલય શાળા અને સમાજ વચ્ચે શૈક્ષણિક સેતુ તરીકે કાર્યરત બન્યું.
   - સમુદાયની ભાગીદારીથી પુસ્તકાલય પ્રત્યે માલિકીભાવ અને જવાબદારીનો વિકાસ થયો.
5. સંસ્થાકીય વિકાસ સંબંધિત તારણો
   - પુસ્તકમિત્ર, પાઠમાલા અને અન્ય વાંચન અભિયાનો દ્વારા પુસ્તકાલય પ્રવૃત્તિઓને સંસ્થાકીય આધાર મળ્યો.
   - શાળાના પુસ્તકાલય મોડેલને અન્ય પ્રાથમિક શાળાઓમાં પણ અમલમાં મૂકી શકાય તેવી સંભાવના જોવા મળી.
   - શિક્ષકોને પુસ્તકાલય વ્યવસ્થાપન અને વાંચન પ્રોત્સાહન માટે નિયમિત તાલીમ આપવી.

## XV. શૈક્ષણિક સૂચિતાર્થ (Educational Implications)

આયોજનબદ્ધ વાંચન પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં નિયમિત વાંચનની આદત વિકસે છે. વિવિધ પ્રકારના પુસ્તકોના અભ્યાસથી ભાષાકૌશલ્ય, શબ્દભંડોળ, સમજશક્તિ, કલ્પનાશક્તિ તથા સર્જનાત્મક વિચારશક્તિમાં વધારો થાય છે. પરિણામે વિદ્યાર્થીઓમાં સ્વઅધ્યયન અને જીવનભર શીખવાની વૃત્તિનો વિકાસ થાય છે. અભ્યાસના આધારે નીચે મુજબના શૈક્ષણિક સૂચિતાર્થો પ્રસ્તુત થાય છે.

1. **શિક્ષકોના વ્યાવસાયિક વિકાસમાં વધારો :** શિક્ષકોના નિયમિત પુસ્તક વાંચન, પુસ્તક સમીક્ષા અને શૈક્ષણિક ચર્ચાઓ દ્વારા તેમના વિષયજ્ઞાન, અધ્યાપન કૌશલ્ય અને વ્યાવસાયિક સજ્જતામાં વધારો થાય છે. વાંચન આધારિત શિક્ષણ પદ્ધતિઓના ઉપયોગથી શિક્ષણ વધુ અસરકારક, રસપ્રદ અને વિદ્યાર્થીકેન્દ્રિત બને છે.
2. **પુસ્તકાલયકેન્દ્રિત શિક્ષણને પ્રોત્સાહન :** અભ્યાસ દર્શાવે છે કે પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણની સાથે પુસ્તકાલયકેન્દ્રિત અધ્યયન વિદ્યાર્થીઓમાં સંશોધનવૃત્તિ, માહિતી શોધવાની ક્ષમતા, તર્કસંગત વિચારસરણી અને સ્વતંત્ર અધ્યયનની કુશળતા વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

3. **શાળા અને સમુદાય વચ્ચેના સંબંધો મજબૂત બનવા :** શાળાના પુસ્તકાલયને ગ્રામજનો, મહિલાઓ, કિશોરીઓ અને યુવાનો માટે ખુલ્લું રાખવાથી શાળા અને સ્થાનિક સમુદાય વચ્ચે જ્ઞાનના આદાન-પ્રદાનમાં વધારો થાય છે. પુસ્તકાલય સમુદાયના જ્ઞાન કેન્દ્ર તરીકે વિકસે છે અને સમાજમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન મળે છે.
4. **માહિતી અને સંચાર ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ :** Google Form, QR Code અને ડિજિટલ પુસ્તકાલય જેવી વ્યવસ્થાઓના ઉપયોગથી પુસ્તકાલયનું સંચાલન વધુ કાર્યક્ષમ, પારદર્શક અને સુવ્યવસ્થિત બને છે. ડિજિટલ સાધનોના ઉપયોગથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં માહિતી અને ડિજિટલ સાક્ષરતાનો પણ વિકાસ થાય છે.
5. **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020ના અમલીકરણમાં સહાયરૂપ :** અભ્યાસમાં અમલમાં મૂકાયેલી પુસ્તકાલય આધારિત પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020ના મુખ્ય ઉદ્દેશો, જેમ કે વાંચન સંસ્કૃતિ, અનુભવ આધારિત અધ્યયન, સ્વઅધ્યયન, જીવનભર શિક્ષણ અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે છે. તેથી પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય વિકાસને શિક્ષણની ગુણવત્તા સુધારવાના મહત્વપૂર્ણ ઘટક તરીકે સ્વીકારવાની જરૂરિયાત સ્પષ્ટ થાય છે.
6. **સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રોત્સાહન :** પુસ્તકાલયની સુલભતા અને વિવિધ વાચકવર્ગની ભાગીદારી દ્વારા દરેક વિદ્યાર્થીને સમાન શૈક્ષણિક તક ઉપલબ્ધ થાય છે. આથી સમાવેશી (Inclusive) અને ગુણવત્તાયુક્ત શિક્ષણના લક્ષ્યોને સિદ્ધ કરવામાં પુસ્તકાલય મહત્વપૂર્ણ યોગદાન આપે છે.
7. **સામાજિક પરિવર્તન માટે શૈક્ષણિક પાયો :** વાંચન દ્વારા વિકસતી જ્ઞાન, મૂલ્યો, નૈતિકતા, વૈજ્ઞાનિક અભિગમ અને સામાજિક જવાબદારી વિદ્યાર્થીઓને જાગૃત નાગરિક તરીકે ઘડવામાં મદદરૂપ થાય છે. પરિણામે પુસ્તકાલય શિક્ષણ દ્વારા સામાજિક પરિવર્તન, લોકશાહી મૂલ્યો અને જવાબદાર નાગરિકત્વના વિકાસ માટે અસરકારક માધ્યમ તરીકે કાર્ય કરે છે.

## XVI. નીતિગત સૂચિતાર્થ (Policy Implications)

અભ્યાસના આધારે નીચે મુજબના નીતિગત સૂચિતાર્થો રજૂ કરવામાં આવે છે.

1. પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય વિકાસ માટે સ્પષ્ટ નીતિનું નિર્માણ : દરેક પ્રાથમિક શાળામાં પુસ્તકાલયના વિકાસ, સંચાલન અને ઉપયોગ માટે રાજ્ય સ્તરે એક સમાન અને સુવ્યવસ્થિત નીતિ ઘડવી જોઈએ. આ નીતિમાં પુસ્તક ખરીદી, પુસ્તકાલય સંચાલન, ડિજિટલ સેવાઓ, વાચન પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકનના માપદંડોનો સમાવેશ થવો જોઈએ.
2. **પુસ્તકાલય માટે નિયમિત અને પૂરતી નાણાકીય જોગવાઈ :** શાળા પુસ્તકાલયના સંવર્ધન માટે દર વર્ષે પૂરતી ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવવી જોઈએ. પુસ્તકોની ખરીદી, ડિજિટલ સાધનો, સામાયિકો, પુસ્તકાલય ફર્નિચર તથા વાંચન પ્રવૃત્તિઓ માટે અલગ બજેટની જોગવાઈ કરવાથી પુસ્તકાલય વધુ અસરકારક બની શકે છે.
3. **શિક્ષકો માટે પુસ્તકાલય અને વાંચન તાલીમ :** પ્રાથમિક શિક્ષકોને પુસ્તકાલયના શૈક્ષણિક ઉપયોગ, વાંચન સંસ્કૃતિના વિકાસ અને માહિતી સાક્ષરતા અંગે નિયમિત તાલીમ આપવામાં આવવી જોઈએ. શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમોમાં પુસ્તકાલય આધારિત શિક્ષણને અનિવાર્ય ઘટક તરીકે સમાવવું જોઈએ.
4. **ડિજિટલ પુસ્તકાલય વ્યવસ્થાને પ્રોત્સાહન:** રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયના ડિજિટલ સંચાલન માટે Google Workspace, QR Code, Library Management Software તથા ઈ-પુસ્તકો જેવી વ્યવસ્થાઓને પ્રોત્સાહન આપવું જોઈએ. આથી પુસ્તકાલયનું સંચાલન વધુ પારદર્શક, કાર્યક્ષમ અને સમયાનુકૂળ બની શકે છે.
5. **વાંચન સંસ્કૃતિ માટે રાજ્યવ્યાપી અભિયાન:** વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમુદાયમાં વાંચનની આદત વિકસે તે માટે રાજ્ય સ્તરે નિયમિત વાંચન અભિયાન, પુસ્તક સમીક્ષા સ્પર્ધા, પુસ્તક મેળા, લેખક મુલાકાત અને પુસ્તકમિત્ર જેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.
6. **સમુદાય આધારિત પુસ્તકાલય વ્યવસ્થાને પ્રોત્સાહન :** શાળા પુસ્તકાલયને સ્થાનિક સમુદાય માટે પણ ઉપયોગી બનાવવાની નીતિ અપનાવવી જોઈએ. ગ્રામજનો, મહિલાઓ, યુવાનો અને કિશોરીઓને પુસ્તકાલયની સેવાઓ ઉપલબ્ધ કરાવવાથી જીવનભર શિક્ષણ અને સામાજિક જાગૃતિને પ્રોત્સાહન મળશે.
7. **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020ના અસરકારક અમલીકરણમાં પુસ્તકાલયની ભૂમિકા :** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020માં વાંચન, અનુભવ આધારિત શિક્ષણ, સ્વઅધ્યયન અને સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર

મૂકવામાં આવ્યો છે. તેથી પ્રાથમિક શાળાના પુસ્તકાલયોને આ નીતિના અમલીકરણના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે વિશેષ માર્ગદર્શિકા અને અમલીકરણ યોજના તૈયાર કરવી જોઈએ.

8. **ગુણવત્તા મૂલ્યાંકનમાં પુસ્તકાલયના સૂચકોનો સમાવેશ :** શાળાના ગુણવત્તા મૂલ્યાંકન દરમિયાન પુસ્તકાલયના ઉપયોગ, વાંચન પ્રવૃત્તિઓ, પુસ્તકોની ઉપલબ્ધતા, ડિજિટલ સંચાલન અને વાચકોની સંખ્યાને મહત્વપૂર્ણ ગુણવત્તા સૂચક તરીકે સામેલ કરવા જોઈએ.
9. **જાહેર-ખાનગી ભાગીદારી :** સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs), કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) હેઠળ કાર્યરત સંસ્થાઓ તથા સ્થાનિક સમાજના સહયોગથી પુસ્તકાલય વિકાસ માટે ભાગીદારીનું માળખું વિકસાવવું જોઈએ. આથી પુસ્તકાલયના સંસાધનોમાં વધારો થશે અને સમુદાયની માલિકીની ભાવના પણ વિકસશે.
10. **ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) સાથે સંકલન :** શાળા પુસ્તકાલય વિકાસની નીતિને સંયુક્ત રાષ્ટ્રના **સતત વિકાસ લક્ષ્ય–4 (ગુણવત્તાયુક્ત શિક્ષણ)** તથા **સતત વિકાસ લક્ષ્ય–16 (શાંતિપૂર્ણ, ન્યાયસંગત અને જવાબદાર સંસ્થાઓ)** સાથે સંકલિત કરવી જોઈએ. આથી શિક્ષણ અને સામાજિક વિકાસ બંને ક્ષેત્રોમાં લાંબા ગાળાનો સકારાત્મક પ્રભાવ ઊભો કરી શકાય.

## XVII. ભલામણો **(Recommendations)**

1. દરેક પ્રાથમિક શાળામાં સુસજ્જ અને વિદ્યાર્થીકેન્દ્રિત પુસ્તકાલયની સ્થાપના કરવી.
2. પુસ્તકાલય માટે દર વર્ષે પૂરતી અને સમયસર ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવવી.
3. દરેક શાળામાં અઠવાડિયામાં ઓછામાં ઓછો એક પુસ્તકાલય પિરિયડ ફરજિયાત રાખવો.
4. શિક્ષકો માટે દર વર્ષે ન્યૂનતમ વાંચન લક્ષ્ય નક્કી કરવું.
5. વિદ્યાર્થીઓ માટે વયાનુરૂપ વાંચન કાર્યક્રમોનું આયોજન કરવું.
6. દરેક શાળામાં ડિજિટલ પુસ્તકાલય વ્યવસ્થાપન પદ્ધતિ અમલમાં મૂકવી.
7. CSR, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્થાનિક સમાજના સહયોગથી પુસ્તકાલયનું સંવર્ધન કરવું.
8. ગ્રામજનો માટે પુસ્તકાલયને નિર્ધારિત સમયગાળા દરમિયાન ખુલ્લું રાખવું.
9. વાંચન સપ્તાહ, પુસ્તકમિત્ર, પુસ્તક સમીક્ષા અને લેખક સંવાદ જેવા કાર્યક્રમોનું નિયમિત આયોજન કરવું.
10. જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ પુસ્તકાલય માટે પ્રોત્સાહક પુરસ્કાર વ્યવસ્થા વધુ મજબૂત બનાવવી.
11. National Education Policy 2020 અંતર્ગત વાંચન સંસ્કૃતિ વિકસાવવા માટે પુસ્તકાલયને શૈક્ષણિક આયોજનના કેન્દ્રમાં સ્થાન આપવું.

## XVIII. ભવિષ્યમાં સંશોધનની સંભાવનાઓ **(Future Scope of Research)**

1. જિલ્લાવાર પુસ્તકાલયોની તુલનાત્મક અભ્યાસ.
2. ડિજિટલ અને પરંપરાગત પુસ્તકાલયોની અસરકારકતાની તુલના.
3. પુસ્તકાલય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સહસંબંધ.
4. પુસ્તકાલય અને વિદ્યાર્થીઓના ભાષાકૌશલ્યનો અભ્યાસ.
5. પુસ્તકાલય અને જીવનકૌશલ્ય વિકાસનો અભ્યાસ.
6. CSR દ્વારા પુસ્તકાલય વિકાસના મોડેલનો અભ્યાસ.
7. NEP-2020 અમલીકરણમાં પુસ્તકાલયની ભૂમિકાનો અભ્યાસ.
8. ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ પુસ્તકાલય ધરાવતી શાળાઓનો તુલનાત્મક અભ્યાસ.

## XIX. ઉપસંહાર **(Conclusion)**

પ્રસ્તુત અભ્યાસ સ્પષ્ટ કરે છે કે પ્રાથમિક શાળાનું પુસ્તકાલય માત્ર પુસ્તકોના સંગ્રહનું કેન્દ્ર નથી, પરંતુ ગુણવત્તાયુક્ત શિક્ષણ, વાંચન સંસ્કૃતિ અને સામાજિક પરિવર્તનનું અસરકારક સાધન બની શકે છે. આયોજનબદ્ધ પુસ્તકાલય સંવર્ધન, આધુનિક સંચાલન, શિક્ષકો અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી તથા સમાજના સહયોગ દ્વારા પુસ્તકાલયને જીવંત શૈક્ષણિક કેન્દ્રમાં રૂપાંતરિત કરી શકાય છે.

અભ્યાસ દરમિયાન અમલમાં મૂકાયેલા વિવિધ કાર્યક્રમોએ દર્શાવ્યું કે જ્યારે પુસ્તકાલય શિક્ષણ પ્રક્રિયાનો અભિન્ન ભાગ બને છે ત્યારે વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ, સ્વઅધ્યયનની ક્ષમતા, ભાષાકૌશલ્ય, વિવેચનાત્મક વિચારશક્તિ અને આત્મવિશ્વાસનો વિકાસ થાય છે. સાથે સાથે શિક્ષકોમાં વ્યવસાયિક વિકાસ અને સતત અધ્યયનની સંસ્કૃતિ પણ મજબૂત બને છે.

આ ઉપરાંત પુસ્તકાલયને સમાજ માટે ખુલ્લું મૂકવાથી શાળા અને સમુદાય વચ્ચે જ્ઞાનની ભાગીદારી વધે છે, જે સામાજિક મૂડીના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આથી પુસ્તકાલયને શિક્ષણના સહાયક સાધન તરીકે નહીં પરંતુ સામાજિક પરિવર્તનના કેન્દ્રિય માધ્યમ તરીકે જોવાની જરૂરિયાત છે.

અંતમાં એવું કહી શકાય કે પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયના સંવર્ધન માટે અપનાવવામાં આવેલ આ મોડેલ અન્ય શાળાઓ માટે પણ માર્ગદર્શક બની શકે છે. જો આ પ્રકારના પ્રયાસોને જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે નીતિગત આધાર મળે, તો વિદ્યાર્થીઓમાં જીવનભર અધ્યયનની સંસ્કૃતિ વિકસાવવામાં અને ગુણવત્તાયુક્ત શિક્ષણના લક્ષ્યો સિદ્ધ કરવામાં નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

## સંદર્ભસૂચિ **(References)**


[1] IFLA. (2015). IFLA School Library Guidelines (2nd ed.).

[2] IGNOU. (2009). Public Library System and Services. New Delhi: Indira Gandhi National Open University.

[3] National Education Policy 2020. (2020). Ministry of Education, Government of India.

[4] UNESCO. (1999). UNESCO School Library Manifesto. Paris: UNESCO.

[5] પટેલ, આર. એસ. (2011). Fundamental Concepts of Research (Research Handbook). અમદાવાદ: જય પબ્લિકેશન.

[6] ઉચાટ, ડી. એ. (2021). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર (ત્રીજી આવૃત્તિ). અમદાવાદ.

[7] શાહ, દિપિકા ભદ્રેશ. (2003). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ